**અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જન જાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ તથા અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જન જાતિઓ (અત્યાચાર નિવારણ) નિયમો -૧૯૯૫ હેઠળ તકેદારી સમિતિની રચના કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ હસલ-૧૦૯૭-૧૯૧૦-હ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ** ૨૦/૮/૨૦૦૩

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૬-૧૨-૯૮ નો ઠરાવ ક્રમાંકઃ હસલ-૧૦૯૭-૧૯૧૦-હ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) નો તા.૪-૪-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી-૨૧૯૯-૮૮૯-ચ

(૩) નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ નો તા. ૩૦-૫-૨૦૦૩ નો પત્ર ક્રમાંકઃ અજાક-છ.૨-૦૩- ૨૫૬૧

ઠરાવઃ-

આમુખમાં જણાવેલ ક્રમ (૧) પરના સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૬-૧૨-૯૮ ના ઠરાવથી અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ તથા અનુસુચિત જાતિઓ અને અનસુચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ હેઠળ રચવામાં આવેલી જીલ્લા તકેદારી અને મોનીટરીંગ સમિતિનું બંધારણ નકકી કરવામાં આવેલ છે. પ્રસ્તુત ઠરાવથી નકકી થયેલા બંધારણ મુજબ ક્રમઃ ૪ અને ક્રમ-૭ માં અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓના પ્રતિનિધિઓની નિમણૂંક કરવાની થાય છે. પરંતું અનુસુચિત જનજાતિઓના લોકોને લગતી વિવિધ બાબતોના અમલીકરણ માટે પ્રવર્તમાન સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(આદિજાતિ વિકાસ પ્રભાગ) સ્વતંત્ર રીતે કાર્યરત છે. અને તે વિભાગે આમુખમાં જણાવેલ ક્રમ (૨) પરના તા. ૪-૪-૨૦૦૦ ના ઠરાવથી જીલ્લા —

તકેદારી અને મોનીટરીંગ સમિતિ ની રચના કરેલ છે. અને તે ઠરાવથી પ્રસ્તુત સમિતિના નકકી થયેલ બંધારણ મુજબ ક્રમ ૪ અને ક્રમ ૭ માં ફકત અનુસુચિત જનજાતિઓના પ્રતિનિધિઓનો જ સમાવેશ કરેલ છે. તેથી આમુખમાં જણાવેલ ક્રમ (૧) પરના આ વિભાગના તા. ૧૬-૧૨-૯૮ ના ઠરાવથી નકકી થયેલ જીલ્લા તકેદારી સમિતિના બંધારણના ક્રમ-૪ અને ક્રમ ૭ માં જરુરી ફેરફાર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આમુખમાં જણાવેલ ક્રમ (૧) પરના તા. ૧૬-૧૨-૯૮ ના ઠરાવથી જીલ્લા સમિતિના નકકી થયેલા બંધારણના ક્રમ ૪ અને ક્રમ ૭ માં નીચે જણાવ્યા મુજબ ફેરફાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ક્રમ: ૪ | અનુસુચિત જાતિના રાજય સરકારના વર્ગ-૧ ના સબંધિત જિલ્લાના ત્રણ અધિકારીઓ | સભ્ય |
| ક્રમ: ૭ | અનુસુચિત જાતિના વધુમાં વધુ પાંચ બિનસરકારી સભ્યો | સભ્ય |

આ અંગેની અન્ય શરતો આ વિભાગના તા. ૧૬-૧૨-૯૮ ના સરખા ક્રમાંકના ઠરાવમાં દર્શાવ્યા પ્રમાણેની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એન.કે.વર્સાત)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ક.ગ) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(આદિજાતિ વિકાસ પ્રભાગ)

- સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર.
- કલેકટરશ્રીઓ (સર્વે)
- જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (સર્વે)
- જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (સર્વે)
- તકેદારી અધિકારીશ્રીઓ (તમામ)
- જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ (સર્વે)
- જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત) (સર્વે)
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- વિભાગની તમામ શાખાઓ.
- સિલેક્ટ ફાઈલ.

પત્ર દવારા

એચ૧પેજ ૪/૬